
# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૩



ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં શ્રમણોત્તમ શ્રી કુંદકુંદમુનિરાજનો આચાર્યપદારોહણનો ભવ્ય સમારોહ

કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ?

(ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેમ કોઈ બળવાન પુરુષ જંગલમાં જઈને મધપૂડો તોડે છે તો તેને ઘણી મધમાખીઓ ચોંટી જાય છે. પણ તેણે કામળો ઓઢેલો હોવાથી તેને તેમના ડંખ લાગી શકતાં નથી. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ ઉદયની ઉપાધિ રહેવા છતાં પણ મોક્ષમાર્ગને સાધે છે, તેમને જ્ઞાનનું સ્વાભાવિક બખ્તર પ્રાપ્ત છે, તેથી આનંદમાં રહે છે—ઉપાધિજનિત આકુળતા વ્યાપતી નથી, સમાધિનું કામ આપે છે. ૧૩૧૨.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ—૩૫)*

* હે નાથ ! એકીનજરે જોઈ રહેવા યોગ્ય આપનું સ્વરૂપ એકવાર જોયા પછી માણસના નેત્ર બીજે કોઈ ઠેકાણે સંતોષ પામતા નથી કેમ કે ચંદ્રના કિરણ જેવું ઉજ્જવળ ક્ષીરસાગરનું દૂધ જેવું જળ પીધા પછી સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઈચ્છે? કોઈ જ નહિ. ૧૩૧૫. *(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામર સ્તોત્ર, શ્લોક-૧૧)*

* જેમ રાજાનો ઘાત થવાથી પ્રભાવ રહિત સેના સ્વયં નષ્ટ થઈ જાય છે, તેમ મોહરાજાનો નાશ થવાથી સમસ્ત ઘાતિકર્મોનો નાશ થઈ જાય છે. ૧૩૧૬.

*(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા—૬૫)*

* પાપકો બાંધનેવાલે ભોગોંસે કૌન ઐસા હૈ જિસકો તૃપ્તિ હો સકતી હો, ચાહે વહ દેવ હો યા ઈન્દ્ર હો યા ચક્રવર્તી હો યા રાજા હો. ૧૩૧૭.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક—૩૧૦)*

* મુંડ મુંડાવવાવાળાઓમાં હે શ્રેષ્ઠ મુંડકા! તેં શિર મુંડ્યું, પણ ચિત્તને ન મુંડ્યું. જેણે ચિત્તનું મુંડન કર્યું તેણે સંસારનું ખંડન કર્યું. ૧૩૧૮.

*(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૩૫)*

* વૈદ્ય મંત્રના ગુણો દ્વારા વિષને દૂર કરે છે તેમ હું ભવદુઃખના કારણરૂપ મન, વચન અને કાયના નિમિત્તે કષાય દ્વારા ઉત્પન્ન કરેલા સમસ્ત પાપ, વિશેષ નિંદા, આલોચના અને ગર્હણા વડે નાશ કરું છું. ૧૩૧૯.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૭)*

* અબ શ્રી વીતરાગ સર્વજ્ઞદેવ જિનેન્દ્રકા પ્રકાશ હુઆ હૈ. ઈસ સંસારવનમેં ભ્રમણ કરતે કરતે અબ મૈંને શ્રી જિનેન્દ્રકો પા લિયા હૈ જો મેરે પરમ ઉપકારી હૈ. અબ મૈં એક ક્ષણ ભી ઉનકા સંગ નહીં છોડૂંગા. ૧૩૨૦

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૧૬)*

વર્ષ–૭
અંક–૫




સંવત
૨૦૬૯
January
A.D. 2013

આચાર્યદેવ કહે છે કે–

# સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીને જ્ઞાતાદ્રષ્ટા થઈ જા !

(માગશર વદ આઠમના રોજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પુરુષાર્થપ્રેરક સંબોધન; પ્રવચનમાંથી)

આજે કુંદકુંદ આચાર્યના આચાર્યપદારોહણનો દિવસ છે. કુંદકુંદ આચાર્ય મહારાજ એ વખતે જૈનશાસનના મોટા સૂર્ય હતા. આચાર્યપદની લાયકાત લઈને જ આવેલા, આચાર્યપદ કાંઈ કોઈના આપવાથી મળતું નથી પણ એવી લાયકાત હોય છે.

કુંદકુંદ આચાર્યનો એક શબ્દ 'सव्वसिद्धे' સવારમાં યાદ આવ્યો હતો. 'સર્વ સિદ્ધ' કહીને આચાર્યદેવ એમ કહે છે કે અનંત સર્વજ્ઞને હું મારા જ્ઞાનની પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાની પર્યાયમાં પણ અનંત સિદ્ધની સ્થાપના કરું છું.

જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞદેવને સ્થાપ્યા એ તો જાણનાર-દેખનાર જ રહે. તેને રાગનું કે પરનું કાર્ય કરવાનું કામ સોંપાય નહિ. સર્વજ્ઞપર્યાય જેના જ્ઞાનમાં બેઠી તે જીવ રાગનો કે પરના કાર્યનો કર્તા થતો જ નથી.

જ્ઞાનની પર્યાયમાં સિદ્ધને સ્થાપતાં તેનું લક્ષ જ્ઞાયક ઉપર જાય છે એટલે આચાર્યદેવ કહે છે કે તું સિદ્ધને પર્યાયમાં સ્થાપીને જ્ઞાતાદ્રષ્ટા થા ! અમે સમયસારમાં એ જ તને કહેવા માંગીએ છીએ. જ્ઞાયકનું લક્ષ કરતાં તેમાં પાંચેય સમવાય આવી જાય છે. સર્વજ્ઞભગવાને જે પાંચ ભાવ એકસાથે જોયા છે તે પ્રમાણે જ પાંચેય સમવાય સાથે પ્રગટ થઈ જાય છે.

સર્વજ્ઞની પર્યાય જેના જ્ઞાનમાં બેઠી તેને એક સમયની પર્યાયમાં જ્ઞાતાપણાનો પુરુષાર્થ થાય છે, પોતે જ્ઞાનસ્વભાવ છે, બહારમાં દર્શનમોહકર્મના ઉદયનો અભાવ થાય છે, તે કાળે પ્રગટવાયોગ્ય પર્યાય પ્રગટે છે અને તે પ્રકારનો જ ભાવ છે. આ ઉપરથી સવારે એમ વિચાર આવ્યો કે સર્વજ્ઞના જ્ઞાનમાં તો બધી પર્યાય નિયત છે છતાં જે અનિયત માને છે તે સર્વજ્ઞને જ માનતા નથી. અનિયત માનનારા અલ્પજ્ઞને જ માને છે એવો અર્થ થયો. સર્વજ્ઞસ્વભાવ કે પર્યાયમાં સર્વજ્ઞપણું તે અનિયત માનનારાને બેસતું નથી.

અહીં કુંદકુંદ આચાર્ય મહારાજ કહે છે કે સાંભળનારના અને કહેનારના જ્ઞાનમાં અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. અમે અંતરજ્ઞાનની દશામાં અનંત સર્વજ્ઞને સ્થાપ્યા છે અને તમારા જ્ઞાનમાં પણ સર્વજ્ઞને સ્થાપીને વાત કરીએ છીએ એટલે આ વાણીમાં સર્વજ્ઞે જેવી જાણી છે, માની છે અને અનુભવી એવી જ વાત આવશે.

એક સર્વજ્ઞની સ્થાપના કહો કે અનંત સર્વજ્ઞની કહો બધું એક જ છે કેમ કે એક સર્વજ્ઞના જ્ઞાનની પર્યાયમાં અનંત સર્વજ્ઞ જણાય છે. આવા સર્વજ્ઞને જેણે પોતાના જ્ઞાનમાં સ્થાપ્યા છે તેને હવે રાગનો કે નિમિત્તનો આદર ન હોઈ શકે. રાગ થાય તેનું જ્ઞાન હોય પણ આદર ન હોય.

જુઓ, અહીં 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે' એ વાત સિદ્ધ થઈ જાય છે. ચારે બાજુથી એક જ વસ્તુ સિદ્ધ થાય છે. કુંદકુંદ આચાર્યની કેવી ગજબ શૈલી છે ! કહે છે કે અમે તો અમારી દશામાં સર્વજ્ઞ સ્થાપ્યા છે હો! એટલે આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠ્યો છે તેના પણ અમે કર્તા નથી હો! સર્વજ્ઞ જેમ જ્ઞાતા છે તેમ અમે પણ જ્ઞાતા છીએ. સર્વજ્ઞના જ્ઞાનમાં બધું વ્યવસ્થિત છે, રાગનું કરવું કે નાશ કરવાપણું એ સર્વજ્ઞનું કાર્ય નથી તેમ અમારું પણ એ કાર્ય નથી.

ઓહો! કુંદકુંદ આચાર્યે માંગલિક કરીને ગજબની વાત કરી છે. પોતે ભગવાનતુલ્ય છે. શ્રોતાને કહે છે કે અમે તમારી પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપ્યા છે માટે સર્વજ્ઞ જેમ રાગના કર્તા નથી તેમ તમે પણ રાગના કર્તા ન થાવ એમ અમે કહીશું. આ સાંભળવાનો જે વિકલ્પ આવે છે તેના પણ કર્તા ન થાઓ તો તમે સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપ્યા કહેવાય.

સર્વજ્ઞ જગતના જાણનાર છે પણ જગતના કે રાગના માલિક નથી તેમ હે શ્રોતા! તું પણ જગતની વ્યવસ્થિત વ્યવસ્થાનો જાણનાર રહેજે, કર્તા થઈશ નહિ કારણ કે અમારે આખો આત્મા જ્ઞાયક છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાયકપણું સિદ્ધ કરતાં પર્યાયમાં જ્ઞાતા-દ્રષ્ટાપણું જ આવે છે, કર્તાપણું આવતું જ નથી અને એ જ્ઞાતાપણાના ભાવમાં પાંચેય સમવાય આવી જાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન થાય ત્યારે તે પ્રકારનો સ્વભાવ, તે પ્રકારનો પુરુષાર્થ, એ જ પ્રકારનું ભવિતવ્ય—ભાવ, તે જ પ્રકારનો કાળ અને દર્શનમોહકર્મના અભાવનું નિમિત્ત હોય એમ ભગવાનના જ્ઞાનમાં જેમ આવે છે તેમ જ જ્ઞાનીના જ્ઞાનમાં આવે ત્યારે જ તેણે સર્વજ્ઞભગવાનને પોતાની પર્યાયમાં સ્થાપ્યા છે એમ કહેવાય.

(અનુસંધાન માટે જુઓ પેઈજ નંબર ૭)

તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર!　　**—પૂજ્ય ગુરુદેવશ્રી**

# મંગલ પ્રારંભ : સર્વ સિદ્ધોને નમસ્કાર

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર (૧૫મી વાર) ઉપરના પ્રવચનો)

(સળંગ પ્રવચન નં. ૧, પૂર્વાર્ધ)

આ, શ્રી કુંદકુંદાચાર્ય રચિત શ્રી સમયસારજી શાસ્ત્ર છે. ૧૪ વાર વંચાઈ ગયું છે. આ ૧૫મી વાર વંચાય છે. પ્રથમ જ આચાર્યદેવ સર્વ સિદ્ધોને નમસ્કાર કરે છે.

ૐ શ્રી સર્વજ્ઞવીતરાગાય નમઃ।

ઓમ એ ભગવાનની દિવ્યધ્વનિ છે. સર્વાંગેથી ધ્વનિ ઓમ આવે છે. હોઠ આદિ હલતાં નથી. ભગવાનને અખંડ વસ્તુ પ્રગટ થઈ ગઈ છે તેથી વાણી પણ અખંડ પ્રદેશેથી આવે છે. તેને નિરક્ષરી વાણી પણ કહેવાય છે. તે સાંભળીને ગણધરદેવ તેના અર્થ વિચારી, આગમમાં ઉપદેશ કરી ભવ્યજીવોના સંશયનું નિવારણ કરે છે એમ બનારસીદાસજીએ નાટક સમયસારમાં કહ્યું છે.

શ્રી સર્વજ્ઞવીતરાગાય નમઃ। શ્રી એટલે સ્વરૂપ લક્ષ્મીને પામેલા, સર્વજ્ઞ એટલે જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાઈ ગયા છે એવા તથા જે રાગ-દ્વેષ રહિત વીતરાગ છે એવા ભગવંતોને હું શાસ્ત્રસ્વાધ્યાય કરતાં પ્રથમ નમસ્કાર કરું છું.

મંગલાચરણ....ઓંકાર બિંદુ સંયુક્તં.... નમો નમઃ। બિંદુ સહિત ઓમકારને યોગીઓ નિત્ય ધ્યાવે છે. આ ઓમકાર કામદં અધૂરી વીતરાગદશા હોય ત્યાં સુધી પુણ્યના ફળ જેવા કે ચક્રવર્તી, ઈન્દ્ર આદિ તથા કેવળજ્ઞાન થતાં તીર્થંકર આદિ વિભૂતિ આપે છે અને મોક્ષદં પૂર્ણ વીતરાગદશાને પણ આપે છે માટે તેને મોક્ષદં કહેલ છે. આવા ઓમકારને નમસ્કાર હો...નમસ્કાર હો.

આમ, ભગવાનની વાણીનું સ્મરણ કરીને આચાર્યદેવે દિવ્યધ્વનિને નમસ્કાર કર્યા છે.

अविरल शब्द घनोघ्र हरतु नो दुरितान्। જેમ મેઘધારા અવિરલપણે વરસે તો ભૂમિ ઉપરનો બધો જ મળ ધોવાઈ જાય છે, તેમ ભગવાનની એકધારી વરસતી દિવ્યધ્વનીથી જગતના મળરૂપી બધા કલંક ધોવાઈ જાય છે. સર્વજ્ઞની વાણી સર્વદા અનુસારીણિ હોવાથી મુનિ આદિ સંતો તેની તીર્થની જેમ સેવા-ઉપાસના કરે છે. આવી આ તીર્થસમી દિવ્યધ્વનિ અમારા મોહરૂપી દુરિતને પણ હરો એમ પ્રાર્થના કરી છે.

પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું. —પૂજ્ય ગુરુદેવશ્રી

જુઓ! પહેલાં સર્વજ્ઞદેવને નમસ્કાર કર્યા પછી તેમની વાણીને નમસ્કાર કર્યા હવે આચાર્યદેવ ગુરુને નમસ્કાર કરતાં કહે છે કે અજ્ઞાનતિમિરાન્ધાનાં.... શ્રી ગુરુવે નમઃ। જેના નેત્ર અજ્ઞાનરૂપી અંધકારમાં અંધ હતા તેને જ્ઞાનરૂપી અંજન આંજીને જેણે ખોલી નાંખ્યા છે એવા સદ્‌ગુરુને અમારા નમસ્કાર હો. ॥ श्री परमगुरवे नमः परम्पराचार्यगुरवे नमः ॥

સકલ કલુષ વિધ્વંસકં.... આ શાસ્ત્ર બધાં જ કલુષનો નાશ કરનારું છે, શ્રી જ્ઞાનરૂપી લક્ષ્મીને વધારનારું છે, ધર્મનો સંબંધ કરાવનારું છે. વીતરાગદશા દ્વારા આત્માનો સંબંધ કરાવનારુ છે. ભવ્યજીવોના મનને પ્રતિબોધ કરનારું છે. આ શાસ્ત્ર પવિત્રતા તો કરે જ છે પણ પુણ્યનું પણ વાસ્તવિક સ્વરૂપ પ્રકાશનારું છે અને ધર્માત્માને તેનાથી પુણ્યનો રસ ઉત્કૃષ્ટ બંધાય છે, પુણ્યની સ્થિતિ ઘટી જાય પણ પુણ્યનો રસ વધી જાય છે. પાપનો તો નાશ જ કરનારું છે એવું આ શાસ્ત્ર જેનું નામ 'સમયસાર' છે તેના મૂળ કર્તા શ્રી સર્વજ્ઞદેવ છે, ઉત્તરકર્તા શ્રી ગણધરદેવ છે, તેના પછી પ્રતિગણધર સંતોના ટોળા થઈ ગયા તેની પાસેથી આ શાસ્ત્ર આવ્યું છે એટલે કે સર્વજ્ઞદેવ, ગણધર, આચાર્યો આદિની પરંપરામાં જે સંતો થઈ ગયા તેના વચનોનો સાર ગ્રહણ કરીને કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રની રચના કરી છે.

અત્યારે મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર પછી કુંદકુંદઆચાર્ય ત્રીજા નંબરે આવે છે, તેમના રચેલાં આ શાસ્ત્રને હે શ્રોતાઓ! સાવધાન થઈને પ્રમાદરહિત થઈને સાંભળો !

**मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुंदकुंदार्यो जैनधर्मोस्तु मंगलम् ॥१॥**

**सर्वमंङ्गलमांगल्यं सर्वकल्याणकारकं।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥२॥**

વીર ભગવાન મંગલરૂપ છે, ગૌતમ ગણધર મંગલરૂપ છે, કુંદકુંદાચાર્ય મંગલરૂપ છે અને જૈનધર્મ જગતમાં મહામંગલરૂપ છે. સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણનું કરનાર જૈનધર્મ સર્વ ધર્મોમાં પ્રધાન છે આત્માના અનેક પ્રકારના વીતરાગી ધર્મોમાં જૈનધર્મ પ્રધાન છે અને લોકોમાં પણ જૈન ધર્મ પ્રધાન છે પણ તેનો અર્થ એવો નથી કે બીજા ધર્મોમાં પણ કાંઈક કલ્યાણરૂપ છે. જૈનમ્ જયતુ શાસનમ્... જૈનશાસન જયવંત વર્તો. મહાવિદેહમાં

ભાઈ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર! આહાહા!! **–પૂજ્ય ગુરુદેવશ્રી**

બિરાજમાન સીમંધરાદિ તીર્થંકરો ધર્મના ધોરી છે. ધોરી ધર્મ ધુરંધરા છે. ધર્મરૂપી રથના ચલાવનારા છે.

શાસ્ત્રમાં ત્રણ માંગલિક કહેવામાં આવે છે. (૧) આદિ મંગળથી શાસ્ત્રની શરૂઆત કરવામાં આવે છે જેથી નિર્વિઘ્ને સમાપ્તિ થાય. (૨) મધ્યમંગળનો હેતુ એ છે કે શાસ્ત્રની વ્યુચ્છિતિ ન થાય, અવ્યુચ્છિતિ રહે અને (૩) અંતમંગલ દ્વારા શાસ્ત્રનો નિર્મળ આનંદનો હેતુ પાર પડે એવી ભાવના કરવામાં આવે છે.

ૐ શ્રી પરમાત્મને નમઃ। શ્રી કુંદકુંદઆચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર શરૂ કરતાં પ્રથમ અર્થકાર શ્રી જયચંદજી પંડિત મંગલ કરે છે.

'શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય,
સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ!'

અહો ! પરમાત્મા સર્વજ્ઞદેવ છે. તેમને નમસ્કાર કરીને શારદ એટલે જિનવાણી અને સુગુરુને નમીને સમયસાર શાસ્ત્રની હું દેશભાષામાં—ચાલતી ભાષામાં રચના કરું છું.

'શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો, વાચક-વાચ્ય નિયોગ;
મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન ભોગ.'

જેમ 'સાકર' શબ્દ વાચક છે અને સાકર પોતે વાચ્ય છે, તેમ 'સમયસાર' શબ્દબ્રહ્મ છે તે વાચક છે અને આત્મા પોતે વાચ્ય છે. જેમ સાકર શબ્દ સાકરને બતાવે છે, તેમ સમયસાર શાસ્ત્ર શુદ્ધાત્માને બતાવે છે—પરમબ્રહ્મ એ વાચ્ય છે. આમ સમયસાર શાસ્ત્રને ને આત્માને વાચક-વાચ્ય સંબંધ છે. માટે, આ વાણી અને પરમબ્રહ્મ આત્મા બંને મંગળરૂપ છે. માટે હું મારા ધર્મરૂપી ધનના ભોગવટા માટે તેમને નમન કરું છું.

રાગરહિત, ચિદાનંદસ્વરૂપ આત્માની, અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનો અનુભવ કરવો તે આત્માનું 'ધન' છે, મારે તેનું જ એક પ્રયોજન છે, બીજું મારે કાંઈ કામ નથી.

નય નય સાર લહે શુભ વાર, પદ પદ માર દહે દુઃખકાર,
લય લય પાર ગ્રહે ભવધાર,—જય જય સમયસાર અવિકાર.

અવિકારી પરમાનંદમૂર્તિ સમયસાર શાસ્ત્ર અને સમયસાર આત્મામાંથી નયે નયે સાર જ નીકળે છે. નિશ્ચયનયને જાણો કે વ્યવહારનયને જાણો, ભેદનયને જાણો કે

શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું! એકરૂપ પરિપૂર્ણ જ છો....પરિપૂર્ણ પરમાત્મા જ છો. —પૂજ્ય ગુરુદેવશ્રી

અભેદનયને જાણો બધી નયમાંથી સાર અને લાભ જ નીકળે છે. શાસ્ત્રના પદે પદે એટલે વાક્યે વાક્યે દુ:ખકાર એવા મરણનો અભાવ કરીને સમાધિમરણ કરાવે એવો બોધ છે. આત્માના સ્વરૂપમાં લયલીન થતાં ભવના ધારણનો પાર આવી જાય છે. જય જય સમયસાર શાસ્ત્ર અને સમયસાર આત્મા.

શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,
કાળ, મત, સિદ્ધાંત—ભેદત્રય નામ બતાવ્યા;

શાસ્ત્રમાં—આગમમાં ત્રણ પ્રકારના સમય બતાવ્યા છે. (૧) શબ્દસમય (૨) જ્ઞાન સમય અને (૩) અર્થસમય અને બીજી રીતે કાળ, મત અને સિદ્ધાંતને પણ સમય શબ્દથી બતાવાય છે.

તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,
અર્થસમયમાં જીવ નામ છે સાર, સુણજો સહુ;

બધા સમયમાં સારભૂત—શુભરૂપ એક આત્મપદાર્થરૂપ સમય જ છે તેની કથની કરીએ છીએ તે સાંભળજો.

તે મહીં સાર વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે,
આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે.

આત્મપદાર્થમાં પણ જેને, શુદ્ધનય કર્મમળ વિનાનો શુદ્ધજીવ કહે છે તે સારભૂત છે તેથી આ ગ્રંથમાં શુદ્ધનય અનુસાર શુદ્ધજીવનું નિરૂપણ કર્યું છે તેને બુધજનો ગ્રહણ કરે.

નામાદિ ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;
વિઘ્નહરણ, નાસ્તિકહરણ, શિષ્ટાચાર ઉચ્ચાર.

કોઈપણ ગ્રંથમાં છ બાબત મુખ્ય હોય છે. (૧) મંગળ (૨) નિમિત્તકારણ (૩) શાસ્ત્રનું પ્રયોજન (૪) શાસ્ત્રનું પરિમાણ (૫) નામ (૬) કર્તા. આ છમાં મંગળ છે તે સાર છે જેનાથી વિઘ્ન આવે નહિ, નાસ્તિકપણાનો નાશ થાય, ઉત્તમ પુરુષોએ જે આચરણ કર્યું છે તેનું પાલન થાય એ માટે માંગલિક કરવામાં આવે છે.

'સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ,
મુદ્રા જિન નિર્ગ્રંથતા, નમું કરે સહુ ચેન.'

અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે, પરમાત્માનો એટલો ઉલ્લાસ...કે જાણે પરમાત્માને મળવા જતો હોય! —પૂજ્ય ગુરુદેવશ્રી

આમાં પણ દેવ-શાસ્ત્ર-ગુરુને નમસ્કાર કર્યા છે. સમયસારરૂપ જે દેવ છે—જિનરાજ છે તેને નમું છું. જિનવેણ જે કથંચિત્ નિત્યાનિત્ય આદિ વસ્તુસ્વરૂપને સ્યાદ્વાદ વડે બતાવે છે તેને નમું છું અને જે વીતરાગ નિર્ગ્રંથમુદ્રાના ધારી છે એવા ગુરુને નમું છું જે જે સર્વ શાંતિના કરનારા છે.

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદાચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેમાં આ મહામાંગલિક પ્રથમ કહે છે. (ક્રમશઃ)

---

(તું સિદ્ધને.....અનુસંધાન પેઈજ નંબર ૨થી ચાલુ)

જેમ સર્વજ્ઞને જગતમાં કાંઈ ફેરફાર કરવાના ભાવ નથી તેમ સર્વજ્ઞને પોતાની પર્યાયમાં સ્થાપનારને પણ કાંઈ ફેરફાર કરવાની બુદ્ધિ ન હોય. જ્ઞાતા-દ્રષ્ટા થઈને જે પુરુષાર્થ થાય છે તેને જાણે તેમાં પાંચેય સમવાય આવી જાય છે. એ પાંચમાં પુરુષાર્થ પણ અંદર આવી જાય છે.

આત્મા 'જ્ઞ' સ્વભાવી છે. એટલે કે 'સર્વજ્ઞસ્વભાવી' છે. જેણે પ્રગટ સર્વજ્ઞને પોતાની પર્યાયમાં સ્થાપ્યા તે પોતે સર્વજ્ઞ થશે. તેને સાધકદશા પ્રગટ થઈ છે, હવે સિદ્ધ થયે જ છૂટકો. તેને હવે કરવાનું કાંઈ રહ્યું નથી. સર્વજ્ઞ સ્વભાવનું લક્ષ રહ્યા કરે છે તેના લક્ષે જ્ઞસ્વભાવની પર્યાયમાં વૃદ્ધિ અને રાગ ઘટતાં ઘટતાં અંતે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થઈ જાય છે.

સાધકને વિકલ્પ છે ને?—વિકલ્પ છે પણ સાધક તેના જાણનાર છે, કરનાર નથી. સર્વજ્ઞ સર્વના જાણનાર છે અને સાધક તેની પ્રગટેલી શક્તિ અનુસાર જાણનાર જ છે, કર્તા નથી. આનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. લ્યો! આ કુંદકુંદ આચાર્યની આચાર્યપદવી નિમિત્તે આટલું માંગલિક આવ્યું.

*

---

**સર્વે આત્મધર્મ–ગ્રાહકોને જણાવવાનું કે ફેબ્રુઆરી–૨૦૧૩ થી આત્મધર્મ–ગુજરાતી માસિક દરેક મહિનાની ૧લી તારીખે તથા આત્મધર્મ–હિન્દી માસિક દરેક મહિનાની ૫મી તારીખે પ્રકાશિત થશે.**

---

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! **–પૂજ્ય ગુરુદેવશ્રી**

# નવરસનું પરમાર્થ સ્વરૂપ

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૮, ઉત્તરાર્ધ)

गुन विचार सिंगार, वीर उद्यम उदार रुख।
करुना समरस रीति, हास हिरदै उछाह सुख॥
अष्ट करम दलमलन, रुद्र वरतै तिहि थानक।
तन विलेछ बीभत्स, दुंद मुख दसा भयानक॥
अदभुत अनंत बल चिंतवन, सांत सहज वैराग ध्रुव।
नव रस विलास परगास तब, जब सुबोध घट प्रगट हुव॥१३५॥

અર્થ :—આત્માને જ્ઞાનગુણથી વિભૂષિત કરવાનો વિચાર તે શ્રૃંગારરસ છે, કર્મ-નિર્જરાનો ઉદ્યમ તે વીરરસ છે, પોતાના જ જેવા સર્વજીવોને સમજવા તે કરુણારસ છે, મનમાં આત્મ-અનુભવનો ઉત્સાહ તે હાસ્યરસ છે, આઠ કર્મનો નાશ કરવો તે રૌદ્રરસ છે, શરીરની અશુચિનો વિચાર કરવો તે બીભત્સરસ છે, જન્મ-મરણ આદિનું દુઃખ ચિંતવવું તે ભયાનકરસ છે, આત્માની અનંતશક્તિનું ચિંતવન કરવું તે અદ્‌ભુતરસ છે, દૃઢ વૈરાગ્ય ધારણ કરવો તે શાંતરસ છે. જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આ રીતે નવરસનો વિલાસ પ્રકાશિત થાય છે.

જ્યારે પોતાના આત્માની અને રાગની ભિન્નતાનું ભાન થાય છે ત્યારે પારમાર્થિક નવરસ પ્રગટ થાય છે. આ શરીરરૂપ મડદાંને શણગારવું એ કાંઈ શ્રૃંગાર નથી. શરીરને પાવડર લગાડીને અરીસામાં જુઓ તો વાંદરા જેવો લાગશે. તેમાં શોભા શું છે! ધર્મીને તો પોતાના ગુણોનો વિચાર કરે છે તો તેમાં જ ખરી શોભા જણાય છે. આ શોભા જોવા માટે કોઈ અરીસાની કે વિકલ્પની પણ જરૂર નથી. આત્મામાં અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત પ્રભુતા, અનંત શાંતિ આદિ અનંત ગુણો પ્રગટ થાય એવી અનંત અનંત શક્તિનું જ્ઞાનમાં ઘોલન થાય તેમાં આત્માની શોભા છે. ધર્મીને એક એક શક્તિનો વિચાર કરતાં આત્માની શોભા દેખાય છે. શરીરને તો ગમે તેટલું શણગારો તોપણ ક્ષણમાં પરસેવા, રોગ, ઉલટી, કીડા આદિ અંદરથી નીકળે છે કેમ કે અંદરમાં શોભારૂપ કોઈ ગુણ નથી.

પહેલી ચોંટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે. —**પૂજ્ય ગુરુદેવશ્રી**

સમ્યગ્જ્ઞાન દ્વારા પોતાના આત્માને શોભાવવો તેનું નામ શ્રૃંગાર છે. વીરતા તો તેમાં છે કે પોતાના સ્વભાવ તરફથી ઝૂકવાથી જે વીરરસ—પુરુષાર્થ પ્રગટ થાય છે તેનાથી કર્મોની નિર્જરા થઈ જાય છે. કર્મની નિર્જરા થાય તેવો પુરુષાર્થ કરવો તેનું નામ વીરરસ છે. સ્વરૂપની રચના કરે તેનું નામ વીર્ય છે. પુણ્ય-પાપની રચના કરે છે તે તો નપુંસક છે, વીર્યવાન નથી. પરની રચના કરે તો કરી શકતો જ નથી. પોતાના અનંતગુણોમાં શાંતરસ ભરેલો છે તેની પોતાના પુરુષાર્થથી પર્યાયમાં રચના કરે તેનું નામ વીર્ય છે. નિજવીર્યથી પર્યાયમાં નિર્મળતા થતાં કર્મો સ્વયં નિર્જરી જાય છે. આત્મામાં એટલો પુરુષાર્થ છે કે ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ ખૂટે તેમ નથી એવો એ ઉદાર છે. તેજમય પ્રભુ તેજથી ભરેલો છે. તેનો આશ્રય કરતાં કર્મોની નિર્જરા થઈ જાય છે.

करुना समरस रीति અર્થાત્ યોગસારમાં કહ્યું છે તેમ 'સર્વ જીવ છે જ્ઞાનમય' એવી સમતા કરવી તેનું નામ કરૂણા છે. સર્વ જીવોને પોતાના સમાન જોવા તે કરુણા છે. કોઈને મારવા કે બચાવવા તેની વાત નથી. જિનસેન આચાર્ય કહે છે કે ભગવાનને અનંત કરુણા હોય છે. કરુણા એટલે સર્વ જીવોને દ્રષ્ટિમાં અને અનુભવમાં સમાન જુએ તેનું નામ કરુણા છે. શ્રીમદ્ પણ કહે છે કે 'કરુણા હમ પાવત હૈ તુમકી.' હે નાથ! આપના જ્ઞાનમાં આપ અમને શુદ્ધ જાણો છો અને અમારી દશા શુદ્ધ થવાની છે તેને જાણો છો એ જ અમારી ઉપર આપની કરુણા છે.

'કરુણારસ એટલે વીતરાગરસ' અહા! અનંત અનંત જીવરાશિ છે તે બધી જ્ઞાનમય છે એવો ભાવ લાવવો તેનું નામ કરુણા છે. હાસ્યરસ—મનમાં આત્મ-અનુભવનો ઉત્સાહ—સ્વરૂપનો ઉત્સાહ આવે તે પારમાર્થિક હાસ્યરસ છે. પોતાને આનંદસ્વરૂપ અનુભવવાનો ઉત્સાહ કરવો. આઠેય કર્મના ભૂકા બોલાવી દેવા તે રૌદ્રરસ છે. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન તરફ ઝુકવાથી આઠેય કર્મ નાશ પામે છે.

तत विलेछ बीभत्स....શરીરની અશુચિત વિચારવી કે અહો! શરીરનું એક એક અંગ દુર્ગંધથી ભરેલું છે. નવેય છીદ્રમાંથી અશુચિ જ ઝરે છે. શરીર અશુચિનું જ સ્થાન છે. પકવાન જેવી સારી વસ્તુ ખાવ તોપણ એ તો શરીર એવો સંચો છે કે તેમાંથી વિષ્ટા બને. પકવાન ખાઈને આઠ કલાક ન થાય ત્યાં વિષ્ટા બની જાય. એમાં પણ જો અપચો થઈ જાય તો ૪૦-૫૦ ઝાડા થઈ જાય. રાજકોટમાં એક ભાઈને જોયા હતા. મિનિટે મિનિટે જવું પડે. ઝાડા એવા થઈ ગયા કે એમાંથી અંતે ગુજરી ગયા. ગમે તેટલું પંપાળીને અને સંભાળીને

અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. —પૂજ્ય ગુરુદેવશ્રી

રાખો તોપણ શરીરની દશા આ જ થવાની છે. વિષ્ટામાં દુર્ગંધ એટલી મારે કે એટલી તો ગધેડાની વિષ્ટામાં પણ ન હોય કેમ કે અંદર કસ્તૂરી ક્યાં હતી કે તેની સુગંધ આવે! પેસાબ, વિષ્ટા, નાકમાં મેલ, આંખમાં ચીપડાં, વીર્ય, થુંક આદિ બધાં મેલનું બનેલું આ પૂતળું છે. નવેય દ્વારથી જુદી જુદી જાતના મેલ નીકળે છે. દુર્ગંધ પણ જુદી જુદી આવે છે. આ રીતે, શરીરની અશુચિનો વિચાર કરવો તે બીભત્સરસ છે.

જન્મ-મરણ આદિનું દુઃખ ચિંતવવું તે ભયાનકરસ છે. ચારગતિમાં જ્યાં જુઓ ત્યાં દુઃખ છે. નરકમાં દુઃખ, તિર્યંચમાં દુઃખ, સ્વર્ગમાં પણ દુઃખ, શેઠાઈમાં પણ દુઃખ અને રાજમાં પણ દુઃખ જ છે. જ્યાં આકુળતા, રાગ અને દ્વેષ છે ત્યાં ક્યાંય સુખ નથી. સર્વાર્થસિદ્ધિમાં પણ જેટલાં રાગ-દ્વેષ છે એટલું દુઃખ છે. જેટલો પોતાનો અનુભવ છે એટલું સુખ છે.

જુઓને પાંડવો! શત્રુંજય ઉપર ધ્યાનમાં મસ્ત હતાં ત્યાં દુર્યોધનના ભાણેજે આવીને તપાવેલા લોઢાના આભૂષણ પહેરાવ્યા, એ તો આનંદના રસમાં ઘૂસી ગયાં. ત્રણ 'ધર્મરાજા, ભીમ અને અર્જુન' મુનિરાજ મોક્ષ ગયા અને સહદેવ-નકુલ મુનિને જરા વિકલ્પ આવ્યો કે ભાઈ—મુનિને કેમ હશે? શું થતું હશે? એટલો શુભવિકલ્પ આવ્યો તેના ફળમાં સર્વાર્થસિદ્ધિનો બંધ પડી ગયો. અત્યારે ત્યાં છે. ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જશે. અહા! વેદના તો પોતાને પણ હતી તેનો વિકલ્પ ન આવ્યો પણ વડીલભાઈ કહો કે સાધર્મી ભાઈ કહો કે મુનિરાજની વેદનાનો જરા વિકલ્પ આવ્યો તેમાં બે ભવ વધી ગયા! ભગવાન આત્મામાંથી ઉપયોગ બહાર આવ્યો તો આવા અશુચિ શરીરનો સંયોગ આવ્યો.

આમ, જ્યાં રાગ અને દ્વેષ છે ત્યાં દુઃખ જ છે અને દુઃખનું ચિંતવન કરવું તે ભયાનક રસ છે. તેથી આચાર્યદેવ કહે છે કે ચાર ગતિ દુઃખથી ડરી, એક શુદ્ધાત્મામાં જ શાંતિ છે એમ ચિંતવન કર! પોતાના અનંત ગુણોના અનંતબળને ચિંતવવું તે અદ્ભુતરસ છે. આ આત્માનું ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે નાનું કે મોટું હો પણ તેનું જ્ઞાનબળ, આનંદબળ, શાંતિબળ, અકષાયબળ અનંત અનંત છે. ક્ષેત્ર સાથે સંબંધ નથી, ભાવની સાથે શક્તિ અનંત છે. જ્ઞાન અનંત, દર્શન અનંત, વીર્ય અનંત, પ્રભુતા અનંત, સ્વચ્છતા અનંત, સુખ અનંત આમ બધાં સ્વભાવ અનંત, અપરિમિત બેહદ છે. અરે! અદ્ભુત બળ છે! આમ, ચિંતવન ચાલે તે અદ્ભુતરસ છે.

ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા!

—પૂજ્ય ગુરુદેવશ્રી

દીપચંદજી કાસલીવાલે પરમાત્મપુરાણમાં લખ્યું છે કે અરે! જુઓ તો! એક આત્માનો દર્શનગુણ જગતની મહાસત્તાને કોઈપણ ભેદ પાડ્યા વગર દેખે છે. હું જીવ છું કે અજીવ છું એવો પણ એ ભેદ પાડતો નથી. જ્યારે ઉપયોગમાં દર્શનગુણ ત્રણ કાળ ત્રણ લોકને એક મહાસત્તારૂપે અભેદ દેખે છે ત્યારે ઉપયોગમાં જ્ઞાનગુણ એ જ કાળે અને એ જ ક્ષેત્રે ત્રણ કાળ ત્રણ લોકનો બધા જ ભેદ-પ્રભેદ સહિત એક જ સમયમાં જાણે છે. અનંતા જીવોને ભિન્ન ભિન્ન જાણે છે. અનંતાનંત પુદ્‌ગલ પરમાણુને ભિન્ન જાણે છે, તે દરેકના દ્રવ્ય, ગુણ, પર્યાયને ભિન્ન-ભિન્ન જાણે છે. તેના અવિભાગ પ્રતિચ્છેદને પણ ભેદ પાડીને જાણે છે.

આમ, એક જ સમયમાં, એક જ ક્ષેત્રમાં દર્શનગુણની પર્યાય બધાને અભેદ દેખે અને જ્ઞાનગુણની પર્યાય બધાને ભેદ પાડીને જાણે આ અદ્‌ભુત વાત છે! સમજાણું કાંઈ! પરમાત્મપુરાણમાં છે.

અહા! પોતાના આત્માના અનંતા ગુણો, તેની અનંતી પર્યાય, તેની અદ્‌ભુતતા કાંઈ વાણીમાં આવી શકે તેમ નથી. એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે—દેખે આ તે કેવી અદ્‌ભુતતા! અદ્‌ભુતાદ્‌ભુત ! આમ, આત્માની અનંતગુણની, એક એકની અનંત શક્તિ ચિંતવવી તે અદ્‌ભુતરસ છે. વિચારધારામાં અદ્‌ભુતતાને ભાવવી.

અહીં તો પાંચ લાખ હોય ને પચાસ લાખ થઈ જાય તો એમ થાય કે ઓહો ! આજ તો અદ્‌ભુત કામ થઈ ગયું....ધૂળેય નથી થયું. છોકરાઓ પરીક્ષામાં સારા માર્કે પાસ થઈ જાય તો છોકરાઓ તો ખુશી થાય પણ બાપ પણ વધાઈ આપે કે વાહ બેટા વાહ! ખુશાલીમાં ઈનામ આપે...પાર્ટી આપે....એમાં અદ્‌ભુતતા નથી એ તો ધૂળ છે. તેનું લક્ષ જાય છે એમાં આત્માનું લક્ષ છૂટી જાય છે. આત્માની અનંત શક્તિ, તેનું અનંત બળ, તેનું એકરૂપ તત્ત્વ હું પોતે એમ અંતરમાં વિચારધારા ચાલે તેનું નામ અદ્‌ભુતરસ કહેવામાં આવે છે.

નવમો શાંતરસ છે. 'सांत सहज वैराग ध्रुव' જ્યારે અંદરમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે દ્રઢ વૈરાગ ધારણ કરવો તે શાંતરસ છે. શરીર, વાણી, મન, પુણ્ય-પાપના વિકલ્પથી પણ ખસી દ્રઢ વૈરાગ્ય અને શાંતિ પ્રગટ કરવી તે શાંતરસ છે, કષાય અને રાગ-દ્વેષથી હટી દ્રઢ વૈરાગ્ય ધારણ કરવો તેનું નામ શાંતરસ છે, માટે એ જ જ્ઞાયકરસ છે.

જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આ રીતે નવરસનો વિલાસ

''સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો''—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇન્દ્રોની સમક્ષ આવ્યો છે. **–પૂજ્ય ગુરુદેવશ્રી**

પ્રકાશિત થાય છે. બનારસીદાસે પણ નવરસને કેવા આત્મામાં વર્ણવ્યા છે! પોતાના સ્વરૂપમાં એકાકાર થવું એ જ શાંતરસ છે અને તેમાં જ બધા રસ સમાય જાય છે. લૌકિકમાં જે રસ કહેવાય છે તે કોઈ રસ નથી.

जब सुबोध घटमैं परगासै।
तब रस विरस विषमता नासै॥
नव रस लखै एक रस मांही।
तातैं विरस भाव मिटि जांही॥१३६॥

અર્થ :—સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં આ વસ્તુમાં ખરાબ રસ છે અને આમાં સારો રસ છે એવો રસ-વિરસનો ભેદ મટી જાય છે. આત્માનો રસ તો આત્મામાં જ છે. તેમાં જ ખરેખર નવેય રસ સમાય જાય છે. તેથી આત્માના શાંતરસમાં જ આત્મા વિશ્રામ લે છે. રાગથી વિમુખ અને સ્વભાવ સન્મુખતામાં જે શાંતરસ આવે છે તેમાં જ અદ્‌ભુત રસ છે. તેમાં જ વીરરસ છે અને રૌદ્રરસ પણ તેમાં જ છે.

દુનિયા તો લગ્ન આદિ પ્રસંગોમાં પાંચ-દશ લાખ ખર્ચે, વાજા વગાડે, શણગાર કરે તેમાં આનંદ માને છે પણ એ ખરેખર એકલા દુઃખના દરિયામાં ડૂબકી મારે છે, ત્યાં સુખનું તો નામ પણ નથી. આનંદધામ ભગવાન પોતે શાંતરસનો પૂંજ છે તેમાંથી જ શાંતરસ આવે છે. ભક્તિમાં આવે છે કે ‘ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં....’ તેમ ભગવાન આત્મા અકષાય વીતરાગરસની મૂર્તિ છે. તેની સન્મુખ થવાથી અને અનુભવ કરવાથી જે અકષાયભાવ ઉત્પન્ન થાય છે તે શાંત છે. તેમાં નવરસ સમાય જાય છે. આહાહા! હાસ્ય પણ એમાં ને અદ્‌ભુતતા પણ એમાં. જગતના વીરરસથી ખસી પોતાના જ્ઞાતા-દૃષ્ટાના રસમાં આવી જાય ત્યાં રસ-વિરસની વિષમતા મટી જાય છે.

પાંચ-દશ મિત્રો ભેગા થયા હોય, વાતો કરતાં હોય કે આ વર્ષે તો બહુ કમાણી થઈ, દશ લાખ કમામો, બીજો કહે મારે તો મોટો ફાયદો થઈ ગયો....શેની કમાણી થઈ?—પાપની. તેમાં હરખ આવશે એ પાપનો હરખ છે. જ્યારે ઉલ્લસિત વીર્ય દ્વારા ભગવાન આત્મામાં ઝૂકી જવું તે શાંતરસ છે તેમાં જ નવેયરસ છે તે જ ખરી કમાણી છે. ત્યાં જગતનો કોઈ રસ રહેતો નથી પણ અંતરના શાંતરસમાં એ નવેયરસનું વેદન કરે છે.

અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ.

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

सब रसगर्भित मूलरस, नाटक नाम गरंथ।
जाके सुनत प्रवान जिय, समुझै पंथ कुपंथ॥१३७॥

અર્થ :—આ નાટક સમયસાર ગ્રથ સર્વરસોથી ગર્ભિત આત્માનુભવરૂપ મૂળ રસમય છે, તે સાંભળતાં જ જીવ સન્માર્ગ અને ઉન્માર્ગને સમજી જાય છે.

અહો! પોતાના સ્વદ્રવ્યનો આશ્રય લઈને તેમાં ઠરવું તે સન્માર્ગ છે અને પરદ્રવ્યનો આશ્રય લઈને તેમાં ઠરવું તે ઉન્માર્ગ છે. રાગ પરદ્રવ્યના આશ્રયે થાય છે માટે તે પણ દુર્ગતિ છે. સ્વદ્રવ્યના આશ્રયે જ સુગતિ છે. એટલે કે મુક્તિ છે. સ્વાશ્રિત પરિણમનને સુગતિ કહે છે અને પરાશ્રિત પરિણમનને દુર્ગતિ કહે છે.

वरतै ग्रंथ जगत हित काजा।
प्रगटै अमृतचंद्र मुनिराजा॥
तब तिन्हि ग्रंथ जानि अति नीका।
रची बनाई संसकृत टीका॥१३८॥

જુઓ! આ સમયસાર તો જગતના હિત માટે બન્યું છે. તેમાં અમૃતચંદ્ર આચાર્ય નવસો વર્ષ પહેલાં થયા તેમણે ગજબ ગંભીર ટીકા બનાવી છે. શાસ્ત્રના મૂળ શબ્દોમાંથી આવા ભાવ ખોલવાની શક્તિ કોઈમાં નથી. મૂળ ગાથા તો પ્રાકૃત ભાષામાં હતી તેની અમૃતચંદ્રદેવે સંસ્કૃતમાં ટીકા બનાવી.

જગતના જીવો મોક્ષમાર્ગ અને મોક્ષરૂપ હિત થાય તે માટે કુંદકુંદ આચાર્યે આ કાળમાં તીર્થંકર જેવું કામ કર્યું છે તો અમૃતચંદ્ર આચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. મુનિ એટલે આભના થોભ! ચાલતા સિદ્ધ જોઈ લ્યો! નવસો વર્ષ પહેલાં થઈ ગયાં. ભાવલિંગી સંત, અમૃતરસના આસ્વાદી અમૃતચંદ્રદેવે આ સમયસારને અત્યંત અત્યંત શ્રેષ્ઠ ગ્રંથ જાણીને તેની સંસ્કૃત ટીકા બનાવી છે.

૭૮ની સાલમાં સમયસાર હાથમાં આવ્યું એટલે કીધું, "આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે." આ શાસ્ત્રના ભાવ જે ગ્રહણ કરે તેને જન્મ-મરણ રહે નહિ. સમયસાર એટલે 'આત્મા એકલો સિદ્ધ સમાન છે' એવો અનુભવ કરનારને શરીર રહે નહિ, રાગ રહે નહિ અને અનંત આનંદ પ્રગટ થયા વિના રહે નહિ. *(ક્રમશઃ)* ❑

પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે.
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

# આગમ–અધ્યાત્મ પદ્ધતિના જ્ઞાતા કોણ?

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

## આત્માશ્રિત અધ્યાત્મપદ્ધતિ તે મોક્ષમાર્ગ;
## પુદ્ગલાશ્રિત આગમપદ્ધતિ તે બંધમાર્ગ.

હવે, આગમ અને અધ્યાત્મ એ બંનેમાં જે અનંતતા કીધી તે સંબંધી થોડી વિશેષ સ્પષ્ટતા કરે છે અને તેનું સ્વરૂપ જાણનારા કોણ છે તે બતાવે છે :

"એ પ્રમાણે આગમ–અધ્યાત્મની અનંતતા જાણવી; તેમાં વિશેષ એટલું કે અધ્યાત્મનું સ્વરૂપ અનંત છે અને આગમનું સ્વરૂપ અનંતાનંતરૂપ છે; કારણ કે યથાર્થ પ્રમાણથી અધ્યાત્મ એક દ્રવ્યાશ્રિત અને આગમ અનંતાનંત પુદ્ગલ દ્રવ્યાશ્રિત છે. આ બંનેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળજ્ઞાનગોચર છે તથા અંશમાત્ર મતિશ્રુતજ્ઞાનગ્રાહ્ય છે. તેથી સર્વથા પ્રકારે આગમી–અધ્યાત્મી (આગમ–અધ્યાત્મના જ્ઞાતા) તો કેવળજ્ઞાની છે, અંશમાત્ર જ્ઞાતા મતિશ્રુતજ્ઞાની છે અને દેશમાત્રજ્ઞાતા અવધિજ્ઞાની–મનઃપર્યયજ્ઞાની છે. આ ત્રણે (સંપૂર્ણજ્ઞાતા, અંશજ્ઞાતા, દેશજ્ઞાતા) યથાવસ્થિત જ્ઞાનપ્રમાણ ન્યૂનાધિકરૂપ જાણવા."

અધ્યાત્મપદ્ધતિમાં એક શુદ્ધાત્માનો જ આશ્રય છે, છતાં તેમાંય અનંતા ગુણોના અનંતા નિર્મળ પરિણામો છે ને એકેક નિર્મળ પરિણામમાં અનંત સામર્થ્ય છે, એટલે અધ્યાત્મપદ્ધતિમાં અનંતતા છે. આગમપદ્ધતિમાં વિકાર પરિણામના અનંત પ્રકારો ને તેમાં નિમિત્તરૂપ કર્મના પણ અનંત પ્રકારો, તે કર્મમાં અનંતાનંત પુદ્ગલપરમાણુઓ;–એ રીતે અનંતાનંત પુદ્ગલ દ્રવ્યોને આશ્રિત હોવાથી આગમપદ્ધતિ અનંતાનંતરૂપ છે. આ બંનેના અનંત પ્રકારોનું પૂરું જ્ઞાન તો કેવળજ્ઞાનીને છે. જીવોના શુદ્ધ–અશુદ્ધ પરિણામોમાં સૂક્ષ્મ પ્રકારો એટલા બધા અનંતા છે કે એનું સ્વરૂપ પૂરેપૂરું તો કેવળજ્ઞાની જ જાણી શકે અને કેવળી અનુસાર સામાન્યપણે એ બંને પદ્ધતિનું જ્ઞાન મતિશ્રુતજ્ઞાનીને પણ અંશે હોય છે. અનંતા પ્રકારો છે, તે બધાને કાંઈ છદ્મસ્થ પૂરા ન જાણી શકે પણ કયા ભાવ સ્વભાવ–આશ્રિત છે, કયા ભાવ પરાશ્રિત છે, કયા ભાવ મોક્ષમાર્ગનું કારણ છે, કયા ભાવ બંધનું

અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાષ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ.

–પૂજ્ય ગુરુદેવશ્રી

કારણ છે, કયા ભાવથી ધર્મ છે, કયા ભાવથી ધર્મ નથી—એમ પ્રયોજન પૂરતું જ્ઞાન સમ્યગ્દષ્ટિને મતિશ્રુતજ્ઞાન વડે પણ હોય છે. તે જ્ઞાન ભલે ઓછું છે પણ છે તો કેવળજ્ઞાન અનુસાર જ. 'આ વચનિકા કેવળીવચન-અનુસાર છે' એમ પં. બનારસીદાસજી પોતે જ આ વચનિકામાં છેલ્લે કહેશે. અનંત પ્રકારના શુદ્ધ—અશુદ્ધ ભાવોમાંથી પોતાના હિત—અહિતનું પૃથક્કરણ કરી લ્યે એવી તાકાત મતિશ્રુતજ્ઞાનમાં છે અને અવધિજ્ઞાન તથા મનઃપર્યયયજ્ઞાન વડે પણ એ ભાવોના એકદેશનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. આ રીતે આગમ—અધ્યાત્મ બંને પદ્ધતિના અનંત પ્રકારોને કેવળજ્ઞાની સંપૂર્ણપણે જાણે છે, મતિશ્રુતજ્ઞાની તેના અંશને જાણે છે ને અવધિ—મનઃપર્યયજ્ઞાની પણ તેના એક ભાગને જાણે છે. આ બધા જ્ઞાનો યથાવસ્થિત જાણનારા છે; તે યથાવસ્થિત જ્ઞાનમાં પણ ન્યુનાધિકપણું જાણવું. કેવળજ્ઞાન તો બધાનું સરખું હોય, તેમાં કોઈને ન્યુનાધિકપણું ન હોય, પરંતુ મતિ—શ્રુતજ્ઞાનમાં કે અવધિ—મનઃપર્યયજ્ઞાનમાં હીનાધિકતાના અનેક પ્રકારો પડે છે. આ જ્ઞાનો વડે પોતાની વધુ—ઓછી શક્તિના પ્રમાણમાં આગમ—અધ્યાત્મના પ્રકારોને સમ્યગ્દષ્ટિ—જ્ઞાતા જાણે છે ને એ જ્ઞાનબળે તે શુદ્ધ અધ્યાત્મપદ્ધતિને સાધે છે.

શુદ્ધચેતનારૂપ અધ્યાત્મપદ્ધતિ મોક્ષમાર્ગરૂપ છે, તે અપૂર્વ છે; પૂર્વે કદી નહોતો એવો એ ભાવ છે. જગતમાં તો એ ભાવવાળા જીવો અનાદિથી થતા આવ્યા છે પણ આ જીવને માટે તે ભાવ નવો છે એટલે અપૂર્વ છે. આગમપદ્ધતિરૂપ શુભાશુભભાવ તો અનાદિથી જીવ કરતો આવ્યો છે તેમાં કાંઈ નવીનતા કે અપૂર્વતા નથી ને તે ધર્મનું કારણ નથી, શુદ્ધચેતનાપદ્ધતિ તે જ ધર્મનું કારણ છે કેમ કે તે આત્મસ્વભાવના આશ્રયે છે. વિકાર તો અનંતાનંત પુદ્ગલના આશ્રયે છે ને ધર્મ આત્મસ્વભાવના આશ્રયે છે.—આમ કહીને મોક્ષમાર્ગ અને બંધમાર્ગ બંનેની જાત સ્પષ્ટ જુદી બતાવી છે; મોક્ષમાર્ગ આત્માને આશ્રિત છે ને બંધમાર્ગ પુદ્ગલને આશ્રિત છે.

શ્રોતા :—બંધભાવો કરે છે તો આત્મા, છતાં તેને પુદ્ગલાશ્રિત કેમ કહ્યા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જીવ જો નિજસ્વભાવનો આશ્રય કરીને પરિણમે તો બંધભાવની ઉત્પતિ ન થાય. સ્વભાવથી બહાર પરનો આશ્રય કરે તો જ બંધભાવની ઉત્પતિ થાય છે ને તે બંધભાવમાં નિમિત્તરૂપ અનંત પરમાણુરૂપ કર્મ છે, તેથી તેને પુદ્ગલ—આશ્રિત કહીને, આત્માના સ્વભાવથી તેની ભિન્નતા સમજાવી છે. પણ કાંઈ કર્મ તે કરાવે

ભાઈ! તું વિશ્વાસ લાવ!—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી.
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

છે એવો તેનો આશય નથી. કર્તા થઈને તે–રૂપે પરિણમે છે જીવ પોતે પણ તે પરિણમન સ્વભાવ તરફનું નથી, પુદ્ગલ તરફનું છે, માટે તેને પુદ્ગલ–આશ્રિત કહ્યું છે. એના આશ્રયે ધર્મ કે મોક્ષમાર્ગ નથી. શુભને જે મોક્ષનું સાધન માને છે તેના મતમાં પુદ્ગલાશ્રિત જ મોક્ષમાર્ગ થઈ જાય છે કેમ કે શુભભાવ તો પુદ્ગલાશ્રિત છે, તે કાંઈ આત્મસ્વભાવને આશ્રિત નથી. મોક્ષમાર્ગ આત્મ-સ્વભાવને આશ્રિત છે. પુદ્ગલ–આશ્રિત જે ભાવ હોય તે મોક્ષમાર્ગનું કારણ થઈ શકે નહિ. ધર્મ અધ્યાત્મપદ્ધતિરૂપ છે. અધ્યાત્મપદ્ધતિ એટલે શુદ્ધપરિણામ, તે આત્માના સ્વભાવના આશ્રયે છે, પરનો આશ્રય તેમાં જરા પણ નથી. વાહ! કેટલી સ્પષ્ટ વાત છે! મોક્ષમાર્ગ કેવો સ્પષ્ટ ને સ્વાધીન છે! અરે, આવા સ્પષ્ટ માર્ગને ભૂલીને જીવો બહારમાં ક્યાંક ને ક્યાંક અટવાઈ રહ્યા છે. અહીં તે માર્ગ સંતોએ ખુલ્લો કરીને જગત સમક્ષ મૂક્યો છે.

અધ્યાત્મપદ્ધતિમાં એટલે કે શુદ્ધપર્યાયરૂપ મોક્ષમાર્ગમાં તો સ્વદ્રવ્યનો એકનો જ આશ્રય છે ને બંધભાવરૂપ આગમપદ્ધતિમાં અનંતાનંત પરમાણુઓ નિમિત્ત છે. એક છૂટો પરમાણુ જીવને બંધનું નિમિત્ત થતો નથી, અનંતાનંત પુદ્ગલો ભેગા થાય ત્યારે જ બંધમાં નિમિત્તરૂપ થઈ શકે છે; ઓછામાં ઓછી સ્થિતિઅનુભાગવાળું કર્મ હોય તેમાં પણ પુદ્ગલો અનંતાનંત હોય છે. આવા અનંતાનંત પુદ્ગલો અને તેના આશ્રયે થતો અનંત પ્રકારનો વિકાર, તેની પરંપરાને આગમરૂપ કર્મપદ્ધતિ કહે છે.

અભવ્યને કે મિથ્યાદૃષ્ટિને સદાય આવી આગમરૂપ કર્મપદ્ધતિ જ છે; અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ તેને કદી પ્રગટતી નથી ને આગમપદ્ધતિ તેને કદી છૂટતી નથી, કેમ કે તે સ્વભાવનો આશ્રય કદી કરતો નથી ને કર્મનો આશ્રય કદી છોડતો નથી. ધર્મીને સ્વભાવના આશ્રયે અધ્યાત્મપદ્ધતિ થતાં આગમપદ્ધતિ (વિકારની પરંપરા) છૂટવા માંડે છે. અજ્ઞાની આવા શુદ્ધભાવને ઓળખતો પણ નથી અને વિકારની પદ્ધતિ શું છે, વિકારની રીત શું છે તેનું પણ તેને ખરું જ્ઞાન નથી, તે તો પરથી વિકાર માને છે અથવા શુભરાગરૂપ વિકારની પદ્ધતિને ધર્મની પદ્ધતિ માની બેસે છે. આ રીતે તેને એક્કેય પદ્ધતિનું જ્ઞાન નથી,—એ વાત હવે કહે છે. (ક્રમશઃ)

✻

છએ દ્રવ્ય જ્ઞેય છે, તેની પર્યાય તેના સ્વકાળે–જન્મક્ષણે જે થાય છે તેને કરવી છે ક્યાં? તેને જાણે છે; તે જાણું છું એ હું, પણ કરું છું એ કરવું પણ ક્યાં છે? કરવું એ વસ્તુમાં જ નથી, થાય છે તેને કરું છું એ શું? **–પૂજ્ય ગુરુદેવશ્રી**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✲ શ્રોતા :—પુરુષાર્થની ઉગ્રતા થાય તો આગળ જાય?

પૂજ્ય બહેનશ્રી :—હા, પુરુષાર્થની ઉગ્રતા થાય તો આગળ જાય છે ને પુરુષાર્થની મંદતા હોય તો ત્યાં ઊભો રહે છે, પણ કળ સૂઝવાની કે માર્ગની કોઈ મૂંઝવણ નથી. જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં ઊભો છે તે પુરુષાર્થની મંદતાથી ઊભો છે, છતાં ગૃહસ્થાશ્રમમાં અમુક જાતનો પુરુષાર્થ થયા જ કરે છે કેમ કે કળ તેના હાથમાં છે, હવે કળ સૂઝવાની બાકી નથી. તેને જો ઉગ્ર પુરુષાર્થ થાય તો નિર્મળતાના ઢગલા થાય છે. તેના હાથમાં એવું કલ્પવૃક્ષ આવ્યું છે કે તેમાં પુરુષાર્થની ધારા વધે તો ધનના (નિર્મળતાના) ઢગલા થાય અને તે તેના હાથની વાત છે. કેટલું આગળ જાવું તે પોતાના હાથની વાત છે. કોઈને મતિજ્ઞાનની નિર્મળતા, કોઈને શ્રુતજ્ઞાનની નિર્મળતા, કોઈને અવધિજ્ઞાનની નિર્મળતા, કોઈને મન:પર્યયજ્ઞાનની નિર્મળતા એમ અનેક જાતની ઋદ્ધિઓ પ્રગટે છે. અનેક જાતની નિર્મળતા અંદરમાં છે તે બધી બધાને પ્રગટે જ તેમ હોતું નથી. કોઈને આવી નિર્મળતા ન પ્રગટે અને એક ચારિત્રદશા પ્રગટે તો તેમાંથી કેવળજ્ઞાન થઈ જાય છે. કોઈ કોઈ સાધકને વચ્ચે બધું આવે છે. જેમ ધન રળે અને ઢગલા થાય તેમ અનેક જાતની ઋદ્ધિઓ પ્રગટે છે.

✲ શ્રોતા :— સમકિતીને પણ પુરુષાર્થની જરૂરિયાત લાગે છે?

પૂજ્ય બહેનશ્રી :—હા, તેને પુરુષાર્થની જરૂરિયાત લાગે છે. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ (સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે) પુરુષાર્થની જરૂરિયાત લાગે છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ પુરુષાર્થની જરૂરિયાત પૂરેપૂરી લાગે છે. તેણે બધી રીતે એક આત્માને સર્વસ્વ જાણ્યો છે ને શ્રદ્ધામાં નવ-નવ કોટિએ એક આત્માને ગ્રહણ કર્યો છે તેથી બીજું બધું શ્રદ્ધામાંથી નીકળી ગયું છે છતાં હજી પુરુષાર્થની મંદતાથી શ્રદ્ધા ને ચારિત્રમાં ફેર છે અને તેથી તેને પણ પુરુષાર્થની જરૂરિયાત છે, મુખ્યતા

બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

પુરુષાર્થની છે. સમકિતીને પુરુષાર્થની જરૂરિયાત લાગવા છતાં પુરુષાર્થમાં મંદતા છે, ચારિત્રની અપેક્ષાએ પુરુષાર્થની મંદતા કહેવાય, જોકે શ્રદ્ધાની અપેક્ષાએ આત્માને બરાબર ગ્રહણ કર્યો છે ને એક ક્ષણમાં જો કેવળજ્ઞાન થતું હોય તો મારે બીજું કાંઈ જોઈતું નથી એવી ઉગ્રતા પણ અંદર પરિણતિમાં છે, છતાં પણ પુરુષાર્થની મંદતા છે. પોતે ગૃહસ્થાશ્રમમાં રહીને પછી મુનિદશા અંગીકાર કરે છે પણ તેમાં પુરુષાર્થની મંદતા છે છતાં પુરુષાર્થની જરૂરિયાત લાગી નથી તેવો અર્થ ત્યાં થાય નહિ. તેની દૃષ્ટિ આખી પલટો ખાઈ ગઈ છે, પોતા તરફ ચાલી ગઈ છે. તેની આખી દિશા બદલાઈ ગઈ છે. તેના આત્માની પરિણતિ આત્મા તરફ જ છે, આત્માને દેખી રહી છે. તેણે વિભાવને પીઠ દઈ દીધી છે, છતાં પુરુષાર્થની મંદતાએ અંદર પૂરેપૂરો લીન થઈ શકતો નથી તેથી બહાર આવે છે.

✻ શ્રોતા :— સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા પ્રત્યે સાચી અર્પણતા હોય તો કાર્ય થઈ જાય ને? એ અર્પણતાનો મર્મ શું છે તે આપ સમજાવશોજી.

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવે આત્માનું અપૂર્વ સ્વરૂપ સમજાવ્યું છે કે આત્મા જુદો છે, શરીર જુદું છે, વિકલ્પ જુદો છે એવું ભેદજ્ઞાન કરીને તું દ્રવ્યદૃષ્ટિ કર. ગુરુએ જે બતાવ્યું છે અને ધર્માત્મા કહે છે તે બધાનો તેને સ્વીકાર છે. જેણે અંતરમાંથી ગુરુને સ્વીકાર્યા તેને ભવનો અભાવ થયા વગર રહે નહિ.

મૂળ પ્રયોજનભૂત જે સ્વરૂપ છે તે ગુરુદેવે બતાવ્યું છે. જે ભગવાનના દ્રવ્ય- ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે અને જે આત્માને જાણે તે ભગવાનને જાણે. તેમ જેણે ગુરુને સ્વીકાર્યા તે પોતાને સ્વીકારે છે—અને પોતાને સ્વીકારે છે તે ગુરુને સ્વીકારે છે. એવી અર્પણતા અંદરમાંથી આવે તો વિકલ્પનું સ્વામીપણું તેને છૂટી જાય છે. હું વિકલ્પથી જુદો, વિકલ્પ મારું સ્વરૂપ નથી, વિકલ્પનો હું સ્વામી નથી. જો ખરી અર્પણતા હોય તો પૂજ્ય ગુરુદેવ કહે છે તેવી પોતાની પરિણતિ થઈ જાય છે. બુદ્ધિથી નહિ પણ અંતરથી થઈ જાય છે તે અર્પણતા જુદી જાતની હોય છે. તેને બધા વિકલ્પની અંદર બધી અર્પણતા જ હોય છે.

✻

ઉત્પાદ–વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવસ્વરૂપ હી મેરા હૈ. નિશ્ચયમોક્ષમાર્ગ પર્યાય–અંશ હોનેસે વ્યવહાર હોનેસે પરદ્રવ્ય હૈ, પરભાવ હૈ, હેય હૈ, ગજબ વાત હૈ! **–પૂજ્ય ગુરુદેવશ્રી**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—ક્યાંક-ક્યાંક શુદ્ધ પર્યાયને આત્મા કહેલ છે તેનો આશય શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અલિંગગ્રહણના ૨૦મા બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે, ત્રિકાળીનું વેદન થતું નથી તેથી વેદનમાં આવ્યો તે હું—એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે, સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે પણ તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે.

* શ્રોતા :—પહેલાં જ્ઞાન જણાય છે કે આત્મા? બંનેની પ્રસિદ્ધિમાં કેટલું અંતર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—બંને સાથે જ જણાય છે. આત્માને લક્ષમાં લીધા વગર જ્ઞાનને લક્ષણ કોનું કહેવું? આત્માને લક્ષમાં લઈને જ્ઞાન તેમાં અભેદ થયું ત્યારે આત્મા લક્ષ્ય થયો અને જ્ઞાન તેનું લક્ષણ થયું. એ રીતે લક્ષણ અને લક્ષ્યની પ્રસિદ્ધિ એક સાથે જ છે.

* શ્રોતા :—જો બંને એક સાથે જણાય છે તો પછી જ્ઞાન અને આત્માનો ભેદ તો નકામો જ ગયો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અભેદ તરફ વળે છે ત્યાં ભેદને ઉપચારથી સાધન કહેવાય છે. અભેદના લક્ષ વગરના એકલા ભેદ તે તો ખરેખર વ્યર્થ જ છે. અભેદમાં જતાં જતાં વચ્ચે ભેદ આવી જાય છે પણ તે ભેદરૂપ વ્યવહારનો નિષેધ કરીને અભેદમાં ઢળે છે તેથી તે ભેદને વ્યવહારે સાધન કહેવાય છે. પણ નિશ્ચય વગરનો એકલો વ્યવહાર તો વ્યર્થ જ છે. પહેલાં જ્ઞાનને જાણ્યું અને પછી આત્માને જાણ્યો—એવો ભેદ ખરેખર નથી. આ લક્ષણ અને આ લક્ષ્ય—એવા બે ભેદ ઉપર લક્ષ રહે ત્યાં સુધી વિકલ્પની પ્રસિદ્ધિ છે પણ આત્માની પ્રસિદ્ધિ નથી; આત્મા તરફ વળીને જ્યાં આત્માની પ્રસિદ્ધિ થઈ—આત્માનો અનુભવ થયો, તે વખતે તો લક્ષ્ય અને લક્ષણ એવા બે ભેદ ઉપર લક્ષ નથી હોતું, તેને તો લક્ષ્ય અને લક્ષણ બંને અભેદ થઈને એક સાથે પ્રસિદ્ધ થાય છે. બીજાને સમજાવવા માટે ભેદથી એમ કહેવાય કે આ જીવ જ્ઞાન-લક્ષણથી આત્માને સમજ્યો, એ વ્યવહાર છે, પણ તે વ્યવહાર અભેદ આત્માનું પ્રતિપાદન કરવા માટે છે. ❑ * ❑

## બાળ વિભાગ

### શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

મહારાજ! જ્યારે મારી–યશોધર મહારાજની–દૃષ્ટિ તે કૂકડા પર પડી કે તરત જ મારી માતાના આદેશથી ઢોલ, નગારા, મૃદંગ, શંખ, બાંસુરી અને ઝાંઝ આદિ વાજિંત્રોના અવાજથી આકાશ પૂરાઈ ગયું.

રાજન્ મારિદત્ત! તે સમયે મારી માતાએ કહ્યું કે પ્રિય પુત્ર! હવે વિલંબનો સમય નથી. હવે તરત જ દેવીને માટે બલિ ચઢાવવી જોઈએ. આ પ્રમાણે માતાની આજ્ઞાનુસાર ઊઠીને સમસ્ત મંડળી તથા પૂજા કરવાવાળા બ્રાહ્મણોના સમૂહની સાથે મહોત્સવ પૂર્વક કુળદેવીના મંદિર તરફ રવાના થયા. ત્યાં અમે બંને માતા–પુત્રે દેવીની પ્રદક્ષિણા કરીને સામગ્રીથી દેવીનું પૂજન કર્યું પછી દેવીની સામે તીક્ષ્ણ છરીથી કૂકડાનો ઘાત કરીને તેમાંથી નીકળતા લાલ રંગના પાણીમાં રુધિરની કલ્પના કરીને દેવીના અંગોનું સિંચન કર્યું અને તે લોટથી બનેલા શરીરમાં માંસની કલ્પના કરી દેવીની સન્મુખ ચડાવી દીધું. ત્યારબાદ અમે બંને માતા–પુત્રે દેવીની પ્રાર્થના કરી કે—

હે માતા! આ અપૂર્વ કાર્ય પૂર્ણ થાય. આ પ્રમાણે ત્રણવાર કહીને પછી ઘી, મધ આદિ મિશ્રિત તે લોટના કૂકડામાં માંસની કલ્પના કરીને દેવીનો પ્રસાદ ગણી બધાને વહેંચી દીધો અને બધાએ ખાધો.

તે સંકલ્પી હિંસા અને કલ્પનામાત્ર માંસ-ભક્ષણથી જે પાપનો બંધ થશે તે વચન અગોચર છે.

ત્યારબાદ દેવીને નમસ્કાર કરી મેં કહ્યું કે હે માતા! તને જોઈને સંતોષી મનુષ્ય સંતાપથી મુક્ત થઈ જાય છે. હે દેવી! તારી કૃપાથી મને જંઘાબળ, બાહુબળ અને અચળ જીવિતવ્ય મળે. હે સુરેશ્વરી! ભયંકર રણ, અતિ કષ્ટ અને પ્રિયજન વિયોગમાં મારી રક્ષા કરો. આ પ્રકારે પ્રાર્થના કરતો દેવીના શરણને પ્રાપ્ત થયો. પરંતુ નજદીક આવેલા મૃત્યુને બિલકુલ જાણી ન શક્યો.

ત્યારબાદ મહેલ પાછા ફરીને પોતાના પુત્રનો સુવર્ણ કળશોથી અભિષેક કરાવીને રાજ્યાસન પર સ્થાપિત કર્યો. જે સમયે હું સમસ્ત કાર્યોથી નિશ્ચિત થઈને તપોવન જવા માટે ઉદ્યત થયો જ હતો કે એટલામાં અમૃતાદેવીએ પોતાનો સંકલ્પ દૃઢ કર્યો અર્થાત્ તે પોતાના હૃદયમાં વિચારવા લાગી કે રાત્રિ સમયે કુબડાની સાથે જે ક્રિયા કરી તે સ્વામીને ખબર પડી ગઈ છે અને એટલા

માટે જ સામંત, મંત્રી અને સમુદ્રાંત પૃથ્વીનું રાજ્ય છોડીને તપશ્ચરણની ઇચ્છા કરે છે. મેં મહારાજનો ભાવ તેમના શરીરની આકૃતિ પરથી જાણી લીધો છે. આ પ્રકારે ચિંતવન કરતી અમૃતાદેવી પોતાના હૃદયમાં દૃઢ સંકલ્પ કરી મારી બાજુમાં આવી કહેવા લાગી :

સ્વામી! તમે જે આ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો છે તે અતિ ઉત્તમ છે, પરંતુ મારી એક પ્રાર્થના છે તે સહર્ષ સ્વીકાર કરો પછી તપોવન તરફ પ્રયાણ કરજો.

પ્રાણેશ્વર! તમારી મંગળ કામના માટે સમસ્ત અંતઃપુર અને નગરનિવાસી લોકોને આમંત્રણ આપ્યું છે તો તમે પણ દેવીનાં પ્રસાદનું ભોજન ગ્રહણ કરો. ત્યારબાદ આપણે બંને જિનદીક્ષા ગ્રહણ કરશું કેમ કે આપના વિના હું આ જીવિતવ્યને કઈ રીતે રાખી શકીશ?

પ્રાણનાથ! આજનો દિવસ હજી ઘરમાં રહો, સવાર થતાં જ જેમ કામદેવને રતિ, ઇન્દ્રને શચી, નારાયણને લક્ષ્મી, રામચંદ્રને સીતા તથા મહામુનિને શુદ્ધ બુદ્ધિ અનુગામીની હોય છે તેવી રીતે આપના ચરણોની દાસી આપની પાછળ તપોવનમાં ચાલશે.

નાથ! આપની સાથે જ હું તપશ્ચરણ ધારણ કરીશ. યમ-નિયમનું પાલન કરીશ. પ્રિયપતે! આપના વિના બધા લોકો મારી યુવાની પર આંગળી કરશે કે જેનો પતિ તો સમસ્ત પરિગ્રહનો ત્યાગી થઈને વનવાસી થઈ ગયો અને આ હજી ઘરમાં રહીને સુખનો ભોગ કરે છે.

રાજન્ મારિદત્ત! ભવિતવ્ય ખૂબ જ બળવાન છે કેમ કે મારા ચરણોમાં પડેલી અમૃતાદેવીના વચનો સાંભળીને, જોકે મારું મન તેનાથી વિરક્ત થઈ ગયું હતું તેમ છતાં, ભવિતવ્યતા અનુસાર ફરી તેના પ્રેમની જાળમાં ફસાઈ ગયો. નૃપવર! તે સમયે હું ફરી જ્ઞાનનેત્રવિહીન થઈને તે પરપુરુષાસક્ત દુષ્ટિનીના રાત્રિકૃત કર્મને સ્વપ્ન સદેશ જાણવા લાગ્યો.

ત્યારબાદ ચરણોમાં પડેલી અમૃતાના કોમળ હાથને પકડીને તેને ઊભી કરીને કહ્યું કે પ્રિયે! હું તારી ઇચ્છા પૂર્ણ કરીશ. આ સાંભળી તે કપટવેષા પ્રફુલ્લિત થતી હાસ્ય પૂર્વક રસોઈયાને ઉત્તમોત્તમ ભોજન તૈયાર કરવાની આજ્ઞા કરતી કહેવા લાગી કે ભોજનમાં શું વિલંબ છે? જલ્દી તૈયાર કરો.

રસોઈદાર :—(હાથ જોડીને) સ્વામિની! ભોજન તો તૈયાર છે. બસ મહારાજના પધારવાની રાહ છે.

અમૃતાદેવી :—પ્રાણપતિ! રસોઈ તૈયાર છે, જમવા માટે જલ્દી પધારો કેમ કે જ્યારે તમારું ભોજન થઈ જશે ત્યારે બીજાને જમાડીશ. (ક્રમશઃ)

❀

# બારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૨૦૧૨ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત બારમા બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો મંગલ પ્રારંભ થયો. અગિયારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરના સૌજન્યનો લાભ શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા પરિવાર, સુરેન્દ્રનગરને મળ્યો હતો.



તા. ૨૫-૧૨-૨૦૧૨ના રોજ બપોરે પરમાગમમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચન પછી બારમી બાલ સંસ્કાર શિબિરનો પરમાગમમંદિરમાં ટ્રસ્ટના ઉપપ્રમુખ ડો. પ્રવીણભાઈ દોશીની અધ્યક્ષતામાં શિબિર સૌજન્યકર્તા પરિવાર દ્વારા દેશ-વિદેશના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો.

બાળકો માટે સવારે દરરોજ સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજા, ભક્તિ તથા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. આ કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રકાશભાઈ જૈન(મલાડ) દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો છઢાળા પર ચાલતાં હતાં. તદુપરાંત શિબિરમાં પંચસ્તરીય શિક્ષણવર્ગો દિવસમાં ત્રણ કલાક લેવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી અતુલભાઈ કામદાર, શ્રી નિતનભાઈ શેઠ, ડો. કિરીટભાઈ ગોસળીયા(USA)એ અધ્યાપન કર્યું હતું. બહેનોમાં બ્ર. આશાબેન તથા બ્ર. કોકિલાબેને અને બાળકોમાં ભૂમિકાબેન શાહ-બોરીવલી, પૂર્વીબેન દોશી—વસઈ દ્વારા અધ્યાપન કરાયું હતું.

આ શિબિરનો ૨૫૦ બાળકો તથા ૧૫૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરનો લાભ લેવા માટે સૌરાષ્ટ્ર, મુંબઈના પાર્લા, મલાડ, ઘાટકોપર, દાદર, વસઈ, મુલુન્ડ તથા હૈદરાબાદ, શિવપુરી, ઇન્દૌર, ઉદયપુર, અમદાવાદ, રાજકોટ તથા વિદેશોથી પણ શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા રાત્રે ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી, નાટિકા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો ત્રણ દિવસ રાખવામાં આવ્યા હતા. એક દિવસ શિબિર સૌજન્યકર્તા પરિવાર દ્વારા પણ એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બધા કાર્યક્રમો દરેકને ઘણા જ પસંદ આવ્યા હતા. તા. ૩૦-૧૨-૨૦૧૨ રવિવારે અતિશયક્ષેત્ર ઘોઘાની પાવન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, યાત્રાની, આવાસની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરમાં પધારેલા લંડન, નાઈરોબીના મહેમાનો તથા દેશવિદેશના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા મહેમાનો તથા બાળકોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત



# છઢાળા અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૫ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ – છઢાળા : પાંચમી ઢાળ

---

પરીક્ષાર્થીનું નામ : .................................................... ઉંમર : ..........
મંડળનું નામ : ................................................ ગામનું નામ : ................
ફોન નં.: .................................................... તા. ૨૫-૧૦-૨૦૧૨

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
*(૨) પ્રશ્નોના ઉત્તર છઢાળા આધારિત આપવાના રહેશે.*

---

પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર કડી સાથે લખો. *(૧૨)*

(૧) ભાવલિંગી દિગંબર મુનિરાજનું સ્વરૂપ શું છે? તે શાનું ચિંતવન કરે છે?
(૨) ગ્રંથકારે બાર ભાવનાને શાની ઉપમા આપી છે?
(૩) બાર ભાવનાના ચિંતવનથી શું લાભ થાય છે? ક્યા દૃષ્ટાંત અનુસાર?
(૪) આત્મા મોક્ષસુખને ક્યારે પ્રાપ્ત કરે છે?
(૫) અનિત્ય ભાવનામાં ગ્રંથકારે મેઘધનુષ્ય તથા વિજળીની જેમ કોને ક્ષણિક કહ્યા છે?
(૬) આત્મા ચારે ગતિમાં દુઃખ ભોગવે છે એવું કઈ ભાવનામાં આવે છે?
(૭) ભાવમોહથી જુદો એવો મોક્ષમાર્ગ ક્યો છે? તે ધારણ કરવાનું ફળ શું છે?
(૮) મોક્ષમાર્ગના ધારક મુનિરાજનું કર્તવ્ય (સ્વરૂપ) ગ્રંથકારે આ ગ્રંથમાં ક્યાં વર્ણવવાનો ઉલ્લેખ કર્યો છે?

પ્રશ્ન : ૨ નીચે આપેલ શબ્દોમાંથી કોઈપણ છ શબ્દોના અર્થ વધુમાં વધુ બે લીટીમાં સમજાવો. (૧૨)

(૧) સકલવ્રતી (૨) અનુપ્રેક્ષા (૩) સુરધનુ (૪) ખગાધિપ (૫) પરિવર્તન-પરાવર્તન (૬) યોગોની ચંચળતા (૭) સંવર (૮) અંતિમ ગ્રૈવેયક (૯) દગ-જ્ઞાન-વ્રતા.

પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર વધુમાં વધુ પાંચ લીટીમાં લખો. (૧૫)

(૧) આ જીવને કોનું શરણ નથી? કોનું છે?
(૨) શુભ-અશુભ કર્મના ફળ જીવ એકલો શા માટે ભોગવે છે?
(૩) જે અન્ય પદાર્થોને પોતાનાથી ભિન્ન ન માની શકે તેને શાનો ભેદ કરવો મુશ્કેલ છે?
(૪) શરીર કેવું છે? છતાં અજ્ઞાની જીવને તેના પ્રત્યે શું હોય છે?
(૫) લોક કેવો છે? તેની રચના કોણે કરી છે?

પ્રશ્ન : ૪ નીચે આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય ઉપર નિબંધ લખો. (૧૧)
આ પ્રશ્નનો ઉત્તર વધુમાં વધુ ૨૦ લીટીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા વીતરાગ–વિજ્ઞાન(છઢાળા પ્રવચનો)ના આધારે પોતાના શબ્દોમાં લખવો.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી અનિત્ય ભાવનાનું અસ્તિ અને નાસ્તિથી કઈ કઈ રીતે વર્ણન કરે છે?
(૨) પૂજ્ય ગુરુદેવશ્રી શુભ-અશુભભાવો બંનેથી આસ્રવ થાય છે તેમ સમજાવે છે તે શા માટે? ચર્ચા કરો.
(૩) પૂજ્ય ગુરુદેવશ્રી કઈ નિર્જરાને મોક્ષમાર્ગમાં ગણાવે છે? શા માટે?

# વૈરાગ્ય સમાચાર :–

બુલંદશહરનિવાસી (હાલ-મંગલાયતન-અલીગઢ) પંડિત શ્રી કૈલાસચંદજી જૈન (વર્ષ-૧૦૧) તા. ૧૯-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણા વર્ષોથી સત્‌સમાગમ પ્રાપ્ત થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ-ઉપસ્થિતિમાં તેઓશ્રીની દેશનાનો લાભ લેવા વારંવાર સોનગઢ આવીને ઘણો સમય રોકાઈને લાભ લેતા રહેલા. પોતાનું આજીવન તેમણે તત્ત્વ-આરાધનામાં વીતાવેલું હતું. તેઓ અનેક શહેરોમાં પ્રવચનો તેમજ તત્ત્વ-પ્રચાર અર્થે જતા હતા. મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશને સારી રીતે સમજે તેવી તેમને તીવ્ર ભાવના રહેતી હતી.

જૂનાગઢનિવાસી શ્રી જગદીશચંદ્ર ગોરધનદાસ શાહ(વર્ષ-૮૨) તા. ૧૩-૯-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બાળપણથી સોનગઢમાં રહેલા હતા.

કલકત્તાનિવાસી (હાલ-સોનગઢ) શ્રી મૂળચંદભાઈ ખીમચંદભાઈ શાહ (—તે શ્રી બ્ર. ચંદુભાઈના ભાઈ) (વર્ષ-૮૬) તા. ૧૯-૧૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. કલકત્તા જિનમંદિરના પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં તેમને ભગવાનના પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. છેલ્લા દસ વર્ષથી સોનગઢમાં નિવૃત્તિપૂર્વક રહીને તેઓશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશનો ઘણો જ રુચિપૂર્વક લાભ લીધો હતો.

લીંબડીનિવાસી(હાલ—કાંદીવલી) લીલાવંતીબેન રતિલાલ ગાંધી(વર્ષ-૯૬) તા. ૧-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઊંડી જિજ્ઞાસા હોવાથી વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

બોટાદનિવાસી(હાલ-અમદાવાદ) નંદલાલ મગનલાલ શાહ(વર્ષ-૮૭) તા. ૪-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી(હાલ-થાણા-મુંબઈ) સ્વ. બાલચંદ કસ્તુરચંદ શાહના ધર્મપત્ની શાંતાબેન (વર્ષ-૯૧) તા. ૫-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા, તેમને તત્ત્વની ઊંડી જિજ્ઞાસા હતી. દેવલાલીમાં મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનની વધુમાં વધુ ઉપાસના કરી શકે તે માટે તેઓ તન-મન-ધનને ભક્તિપૂર્વક સદાય અગ્રગણ્ય રહીને પોતે તત્ત્વનો વિશેષ લાભ લેતા હતા.

અમરેલીનિવાસી(હાલ-કાંદીવલી) નરેન્દ્રભાઈ જમનાદાસ કામદાર (વર્ષ-૭૧) તા. ૧૫-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને જન્મથી જ પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્-સમાગમ પ્રાપ્ત થયો હતો.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✻ અહો! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો! આ હું! આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૬૩૫.

✻ રાગાદિથી ભિન્ન સહજ જ્ઞાન, સહજ આનંદ આદિ અનંત ગુણમય નિજ આત્માના ત્રિકાળી અખંડ ધ્રુવ સ્વરૂપનો ગુરુગમે અંતરમાં બરાબર નિર્ણય કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, જ્ઞાયકસ્વભાવમાં ઊંડું અવગાહન કર, દ્રવ્યસ્વભાવના પાતાળમાં પહોંચી જા. ત્યાં તને કોઈ અદ્ભુત અતીન્દ્રિય આત્માનુભૂતિ થશે. જ્યાં સુધી આત્મા યથાર્થપણે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ઉપયોગ સ્થૂલ છે; આત્મા ખ્યાલમાં આવે તે ઉપયોગ સૂક્ષ્મ છે. અગિયાર અંગનો પાઠી હોય પણ અંદર આત્માનું યથાર્થ સ્વરૂપ સાનુભવપૂર્વક ખ્યાલમાં ન આવે તો તેનો પણ સ્થૂલ ઉપયોગ છે. સ્થૂલ એવા વ્રતાદિના મંદ કષાયમાં તે અટકી ગયો છે, સૂક્ષ્મ એવા જ્ઞાનસ્વભાવની તેને પ્રતીતિ થઈ નથી. ૬૩૬.

✻ જીવની હાજરીમાં હાથ, પગ, મોઢું આંખ હલે, ખવાય-પીવાય-બોલાય, ત્યાં એને એમ થઈ જાય છે કે આ બધું મારાથી થાય છે ને હું એને કરું છું—એવો ભ્રમ થાય છે, પણ આત્મા તો એનાથી ભિન્ન એકલો ચૈતન્ય જ્ઞાયક જ છે તે એને બેસતું નથી. ૬૩૭.

✻ શ્રોતા :—આત્માનું ભાન ન થયું હોય ત્યાં સુધી તો ભવ-ભ્રમણ નહીં ટળેને?

પૂજ્ય ગુરુદેવ :—ભાન હજુ ભલે ન હો, પણ મુંઝાવું નહીં. જેને સ્વની રુચિ— સ્વ-સન્મુખની રુચિનો રસ થયો છે તેને પર તરફની રુચિનો રસ ઘટી ગયો છે. ૬૩૮.

✻ ગુણ-પર્યાયની સ્વતંત્રતા અને દ્રવ્યની મહાનતા લક્ષમાં લેવાની છે. આટલી જ વાત મૂળ છે. દરેક પર્યાયની સ્વકાળલબ્ધિ જોતાં નિમિત્તાધીન દૃષ્ટિ છૂટી જાય છે અને દ્રવ્યસ્વભાવની મહાનતા જોતાં પર્યાયદૃષ્ટિ-પર્યાયનું લક્ષ છૂટી જાય છે ને વસ્તુની દૃષ્ટિ થઈ જાય છે. ૬૩૯.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૧૩
અંક-૫ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણાં ન હોય અને ધર્મ થઈ જાય ઈ ત્રણ કાળમાં ન બને

પરની મમતાના ભાવ પણ હજુ જેને પડ્યા છે અને નિર્વિકલ્પ થવા જાય ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. હજી તો નીતિ આદિના પરિણામ પણ નથી અને નિર્વિકલ્પ થવા જાય તો ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. આ વાત મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ કહી છે. લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણાં ન હોય અને એને ધર્મ થઈ જાય ઈ ત્રણ કાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.

એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારી પોતાના ઘરની મીણબત્તી કરે, પોતાના ઘરના માટે રાજની મીણબત્તી ન વપરાય. (આવું તો પહેલાં નીતિમય જીવન હોય.) –પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org